# શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ,મુંબઈ.


## વ્યાખ્યાનમાળા - ૨૦૨૨/૨૩

## જૈન ધર્મના વૈજ્ઞાનિક સત્યો/તથ્યો અને તેનું વ્યવહારિક જીવનમાં અનુસરણ

## વ્યાખ્યાન-૧ જૈન દર્શન-એક વૈજ્ઞાનિક અભિગમ

વ્યાખ્યાતા- આચાર્ય  શ્રી નંદિઘોષસૂરીજી મહારાજ

તારીખ – ૧૦/૧૨/૨૦૨૨





જૈન દર્શન વૈજ્ઞાનિક દર્શન આ સ્લાઈડમાં આજુબાજુ વિશ્વના જગદીશચંદ્ર બોઝ, સી. વી. રમન, આઈન્સ્ટાઈન, ન્યુટન વગેરે સાયન્ટીસ્ટો બતાવ્યા છે અને વચ્ચે ચિત્ર મુક્યું છે શ્રમણ ભગવાન મહાવીર પરમાત્મા છે. મહાવીર પરમાત્મા એમના માટે એમ કહી શકાય કે તેઓ આખા બ્રહ્માંડના અદ્વિતીય વૈજ્ઞાનિક છે કારણ કે એમણે કેવળ જ્ઞાનથી  પ્રત્યક્ષ  જે  જોયું છે એ બધી

વાતો એમની વાણી દ્વારા બતાવવામાં આવી છે. અને એક એક વસ્તુ સાયન્ટિફિક વૈજ્ઞાનિક છે એ આપણને 2000 વર્ષ પછી પણ અત્યારના સાયન્ટિસ્ટો જે રિસર્ચ કરે છે એના દ્વારા એની આપણને એની સાબિતી મળી રહે છે. આ રીતે શ્રમણ  ભગવાન મહાવીરે આખા વિશ્વના બ્રહ્માંડના અદ્વિતીય વૈજ્ઞાનિક હતા.





સુંદર એવા આ શ્લોકની અંદર શાસ્ત્રકાર ભગવાન તે શ્રુતજ્ઞાન ની સ્તુતિ કરી છે. આ શ્લોકમાં કહેવામાં આવ્યું કે મતિ જ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ જ્ઞાન, મનઃ પર્યાય જ્ઞાન અને કેવળ જ્ઞાન પાંચ જ્ઞાનરૂપી પુત્રો તીર્થંકર પરમાત્મા ના છે. સાહિત્યની પરિભાષામાં કહીએ તો આ એક રૂપક અલંકાર છે ને રૂપક અલંકાર ની અંદર બતાવવામાં આવ્યું કે કોઈપણ તીર્થંકર પરમાત્માએ 5 જ્ઞાનરૂપી પુત્રો છે.આ પાંચ જ્ઞાનમાંથી શ્રેષ્ઠ જ્ઞાન કેવળ જ્ઞાન છે છતાં પણ પરમાત્મા પોતાની ગાદી ઉપર શ્રુતજ્ઞાન રુપી પુત્ર ને સ્થાપિત કરે છે. પોતાની ગાદી શ્રુત જ્ઞાન રૂપી પુત્રને આપે છે. પોતાના વારસદાર તરીકે શ્રુતજ્ઞાન ને જાહેર કરે છે. એ શ્રુતજ્ઞાન કેવું છે? બાર અંગ અને 12 ઉપાંગ થી સહિત છે, પુસ્તકરૂપી આસન ઉપર બિરાજમાન છે અને જેનો ભાગ્યોદય થયો છે એટલે એની રાજા તરીકે સ્થાપના કરવામાં આવે છે અને રાજા તરીકે સ્થાપના કરે એટલે એનું નામ પણ બદલાઈ જાય છે. એની ચોથી પંક્તિમાં કહેવામાં

આવ્યું સિદ્ધાંત નામના રાજા અને રાજા હોય ત્યાં મંત્રી અવશ્ય હોય તો તીર્થંકર પરમાત્મા ના મંત્રી કોણ?તો કે ગણધર ભગવંતો. તો તે ગણધર ભગવંતો તીર્થંકર પરમાત્મા ના મંત્રીઓ છે તો ગણધર ભગવાન તો જેના મંત્રી છે તેવા સિદ્ધાંત નામના રાજા ચીર કાલને માટે આનંદ પામો, જય પામો. એવી શ્રુત જ્ઞાનની અહીં સ્તુતિ કરવામાં આવી છે સિદ્ધાંત એટલે શ્રુત જ્ઞાન. શ્રુતજ્ઞાન. માટે શાસ્ત્રોમાં બીજો પણ એક શબ્દ આવે છે સમય. સમય  એટલે પણ સિદ્ધાંત. સમય એટલે પણ પરમાત્માનું આગમ, શ્રુતજ્ઞાન.સિદ્ધાંત એટલે પણ શ્રુતજ્ઞાન. સિદ્ધાંત રૂપી રાજા ચીરકાળને  માટે આનંદ પામો,જય પામો. એ પ્રમાણે અહી શ્રુતજ્ઞાનની અહીં સ્તુતિ કરવામાં આવી છે.





આ શ્રુતજ્ઞાન માં આગમો તો છે જ પણ આગમોની સાથે સાથે જૈન પરંપરા ના શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના શાસનના જે મુખ્ય ચાર સ્તંભો કહેવામાં આવે શ્વેતાંબર મૂર્તિપૂજક, સ્થાનકવાસી,તેરા પંથી અને દિગંબર. આ બધામાં સર્વ માન્ય એવું જે તત્વાર્થ સૂત્ર છે એ

તત્વાર્થ સૂત્ર એના અમુક સૂત્રો અહીં દર્શાવવામાં આવ્યા છે અને પરમાત્મા ની પ્રતિમાના સિમ્બોલમાં વચ્ચે તત્વાર્થ સૂત્રના જ્ઞાન સંબંધી સૂત્રો બતાવવામાં આવ્યા છે. આ સૂત્રની અંદર પાંચ જ્ઞાન ના નામ બતાવ્યા એના પછી નું સૂત્ર છે આદ્ય પરોક્ષમ. આદ્ય એટલે પહેલા મતી જ્ઞાન અને શ્રુતજ્ઞાન. આ બે જ્ઞાનને પરમાત્માએ પરોક્ષ જ્ઞાન કહયા છે. પ્રત્યક્ષ જ્ઞાન એટલે કે અવધિ જ્ઞાન મન: પર્યાય જ્ઞાન અને કેવળ જ્ઞાન આ ત્રણ જ્ઞાનને પ્રત્યક્ષ જ્ઞાન કહયા છે નૈયાયિકક પરંપરામાં ન્યાય દર્શનમાં અને અન્ય દર્શનોમાં ઇન્દ્રિય નિમિત્તે જ્ઞાન છે એને પ્રત્યક્ષ જ્ઞાન કહ્યું છે જ્યારે અહીં મતી જ્ઞાન અને શ્રુતજ્ઞાન રુપી ઇન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન છે એને જૈન દર્શનમાં પરોક્ષ જ્ઞાન કહેવામાં આવ્યું છે, જ્યારે અવધિ જ્ઞાન મન: પર્યાય જ્ઞાન અને કેવળ જ્ઞાન આ ત્રણ જ્ઞાન છે. એમાં કોઈ પણ પ્રકારની ઇન્દ્રિયોનું ઉપયોગ કરવાનો નથી એ સીધે સીધા આત્મા દ્વારા એનો અનુભવ કરી શકાય છે. એમાં ઇન્દ્રિયનો ઉપયોગ હોતો નથી. મનનો પણ ઉપયોગ હોતો નથી એટલા માટે એ આત્મ પ્રત્યક્ષ જ્ઞાનને અહીં જૈન દર્શનમાં પ્રત્યક્ષ જ્ઞાન કહેવામાં આવ્યું છે અને પછી બતાવ્યું છે કેવળ જ્ઞાનનો વિષય આ સૂત્રમાં બતાવવામાં આવ્યો છે. કેવળ જ્ઞાનનો વિષય કયો તો દ્રવ્યના સર્વો પર્યાય બહુ અદભુત વાત છે. કેવળ જ્ઞાન માટે આજના વિજ્ઞાન ની પરિભાષામાં કહેવું હોય તેવું કહી શકાય કે ઓમની સાયન્સ અંગ્રેજીમાં ઓમની સાયન્સ શબ્દ વાપરવામાં આવે છે. ઓમની સાયન્સ ઈઝ નથીંગ બટ હોલોગ્રામ ઇફેક્ટ ઓફ સોલ રીગાર્ડીંગ ટાઇમ સ્પેસ મેટલ એન્ડ ઓલ સોલ એટલે કે કેવળ જ્ઞાન દ્વારા આત્મા એક જ સમય, અવકાશ અને બધા જ પ્રકારના ઉદગલ પદાર્થો એના બધા જ પર્યાય છે- ભૂતકાલીન પર્યાય વર્તમાનકાલીન પર્યાય અને ભવિષ્યકાલીન પર્યાય. તો ભૂત, ભવિષ્ય અને વર્તમાન આ ત્રણે કાળ ના બધા જ પર્યાયો એટલે કે સર્વદ્રવ્યના સર્વ પર્યાયોને કેવળ જ્ઞાની એક જ સમયની અંદર જાણે છે.તો આ રીતે કેવળી જે છે એમનું જ્ઞાન એક જાતનું  હોલોગ્રામિક જ્ઞાન છે. એ હોલોગ્રામ શું છે? એની જે હકીકત છે એ હકીકત આગળના પ્રવચન આવશે એમાં એની ચર્ચા કરવામાં આવશે. અહીં આ સ્લાઇડમાં પાંચ જ્ઞાન તો બતાવ્યા એની સાથે સાથે છ દ્રવ્યોનું સ્વરૂપ છે  તથા જે સૂત્રો છે એ પણ આજુબાજુ મૂકવામાં આવ્યા છે. આ જે બધા સૂત્રો છે તે તેની અંદર આખા વિશ્વનું બધા જ પ્રકારનું જે જ્ઞાન કહીએ ભૌતિકશાસ્ત્ર અને રસાયણ શાસ્ત્ર એ બધું જ આમાં સમાવિષ્ટ થઈ જાય છે. આ રીતે જૈન દર્શન એક અદભુત દર્શન છે.





આ સ્લાઈડ ની અંદર તમને બતાવવામાં આવ્યું છે કે એ બધા જ સૂત્રોનું અને જે વચ્ચે મૂકવામાં આવ્યો છે સૂત્ર આને એ જ સૂત્રના આધાર પર આજે જે વૈજ્ઞાનિક સંશોધનો થયા છે એ સંશોધનને જણાવતા સૂત્રો બતાવવામાં આવ્યા છે. તો અહીં સમીકરણ એમાં ન્યુટનનું ઇક્વેશન પણ આવી જાય છે આઈન્સ્ટાઈનનું ઈક્વેશન પણ આવે છે મેક્સ પ્લાન નો ઇક્વેશન પણ આવે છે અને પ્લાન્ટ કોન્સ્ટન્ટ પણ બતાવવામાં આવ્યો છે. આ બધા જ એ ભૌતિક ભૌતિક શાસ્ત્ર સંબંધી જે સૂત્રમાં બતાવ્યું છે એ બધા જ પ્રકારનું જ્ઞાન જૈનદર્શનની અંદર જૈન દર્શનના જે સૂત્ર છે એ સૂત્રો દ્વારા આપણને પ્રાપ્ત થઈ શકે છે. તો આ રીતે આ બધા સૂત્રો આધુનિક વિજ્ઞાનના સંશોધનના મૂળ સ્વરૂપ છે. એ આ સ્લાઇડની અંદર બતાવવામાં આવ્યું છે.




હવે સૌથી મહત્વની વાત તો એ જૈન દર્શન એ વૈજ્ઞાનિક દર્શન છે એવું બધા જ લોકો માને છે પણ અહીં કેટલાક સાયન્ટિસ્ટો ખાસ કરીને જૈન દર્શન વિજ્ઞાનમાં નિષ્ણાંત પાશ્વચંદ્રગચ્છ ના ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજ ના આ શબ્દો છે ધર્મ એ હકીકતમાં બીજી કોઈ ચીજ નથી પરંતુ એક જાતની જીવન પદ્ધતિ બતાવતી વસ્તુ છે. અલગ અલગ ધર્મો જીવન પદ્ધતિ બતાવે છે એટલે કે ધર્મના નામની યોગ્ય હોય એવો કે ધર્મ એ મૂળભૂત રીતે એક જીવન પદ્ધતિ છે અને દરેક ધર્મની અંદર નૈતિકતા અને માનસિક પવિત્રતા આ બે વસ્તુ મુખ્ય હોય છે. ટૂંકમાં ધર્મ એ બીજું કંઈ નથી પણ જીવન વિજ્ઞાન છે. દરેક ધર્મની અંદર ફિલ્સૂફી છે. ફિલોસોફી એટલે દાર્શનિક દર્શન અને અધ્યાત્મ એટલે અનુભવ.જે અનુભવ છે તે અનુભવ ને સમજાવવા માટે જે બતાવવામાં આવે જે કલ્પના કરવામાં આવે એને દર્શન કહેવામાં આવે છે ને અધ્યાત્મના અનુભવો એ કુદરતના કેટલાક નિયમો અનુસાર થતા હોય છે. એ જે કુદરતના નિયમો છે એને વિજ્ઞાન લો ઓફ નેચર કહે છે ફિઝિક્સ જ્યારે ફિલોસોફી એને સિદ્ધાંત તરીકે સ્વીકારે છે. આ રીતે ફિલોસોફી અર્થાત સિદ્ધાંત તો દરેક ધર્મની અંદર બતાવેલા છે અને એના આધારે જીવન પદ્ધતિના નીતિ નિયમો ઘડવામાં આવે છે. વિવિધ ધર્મની આચારસંહિતા એ અને સિદ્ધાંતો પણ એ અત્યારે ઘણી વાર whatsapp ઉપર ઘણા વિડીયો આવે એ વીડિયોની અંદર સનાતન ધર્મ ધર્મને લગતા સંશોધનોની વાત આવે, એટલે ઘણા


લોકો પ્રશ્ન કરતા હોય છે કે આ વેદો ની વાત આવે છે. તો એ રીતે આપણા આગમોની વાત કેમ આવતી નથી ?આપણા આગમોમાં પણ આ પ્રકારનું વૈજ્ઞાનિક સત્ય રહેલું છે. હવે એ સત્યને આ આધુનિક વિજ્ઞાન ના પરિપ્રેક્ષ્યમાં બતાવવાનું છે અને એ કામ અમે છેલ્લા 40 વર્ષોથી કરી રહ્યા છીએ ફક્ત એક છે કે અમારી કેટલીક મર્યાદાઓને કારણે જે રીતે whatsapp ઉપર વિડીયો બનાવીને અપલોડ કરવામાં આવે છે હિન્દુ ધર્મમાં. એ રીતે વિડિયો આપણે ત્યાં પણ બનવા જોઈએ તો આપણા જૈન દર્શન સંપૂર્ણપણે વૈજ્ઞાનિક છે એવું લોકોની સમક્ષ રજૂઆત કરી શકાય છે.




જૈન દર્શન એ પ્રાચીન દર્શન છે,પ્રાચીન પરંપરા છે અને એ એની પુસ્તક આચારસંહિતા માટે પ્રસિદ્ધ છે એટલે ઘણીવાર હું વ્યાખ્યાનમાં કહું છું કે જૈન કમ્યુનિટી ઈઝ મોસ્ટ ઓર્થોડોક્સ. એ જે પરંપરા છે એ પરંપરા થી જલ્દી બહાર નીકળી શકતી નથી ને પરંપરાથી વિરુદ્ધ કે એના કરતાં આગળનું વિચારી શકતી નથી એટલે એ રીડીડ એના જે દાર્શનિક તત્વજ્ઞાન ચિંતન છે એ પણ બહુ પ્રસિદ્ધ થઈ ને બહુ વખણાયા છે. તત્વજ્ઞાનના અભ્યાસુ જેટલા પણ હોય છે તેઓ એકવાર જૈન દર્શનનો અભ્યાસ કરે પછી એ એનાથી એટલા અભિભૂત થઈ જાય છે કે બીજા બધા દર્શનની જે વાતો છે એ વાતોને જૈન દર્શનના સંદર્ભ ની અંદર પણ સમજાવી શકે છે.

આ રીતે તત્વ જૈન દર્શન એનું બાહ્ય જગત અને આંતરિક જગત એ બંનેને સમજવાની જે રીત છે એ બહુ અદભુત છે. એટલે ઘણીવાર હું કહું છું કે આધુનિક વિજ્ઞાન માત્ર પોદગલિક ને સમજાવી શકે છે અથવા તો પુદગલ સહિત આત્માને સમજાવી શકે.પણ પુદગલ રહિત આત્મા છે. જે શુદ્ધ ગતિ નો આત્મા પામેલો છે એવો જે શુદ્ધ આત્મા છે તે શુદ્ધ આત્માને વિજ્ઞાન સમજાવી શકતું નથી જ્યારે જૈન દર્શન તો સમજાવે છે પણ સાથે સાથે આંતર જગત એટલે કે આધ્યાત્મ  વિદ્યા દ્વારા આધ્યાત્મ ચિંતન દ્વારા સિદ્ધાંતો દ્વારા આત્માની સમજ અને આત્માનું જે લેવલ છે, એનું જે સ્ટેટસ છે એનો પણ આપણને પરિચય કરાવે છે.


બીજી મહત્વની વાત છે જૈન દર્શનમાં અહીં કહેવામાં આવ્યું જૈન દર્શન એ ઈશ્વરને એટલે કે તીર્થંકર પરમાત્મને જગતકર્તા તરીકે માનતું નથી. એ વિજ્ઞાનની માફક એ આખા બ્રહ્માંડને યુનિવર્સલ ને અને સચિવ સૃષ્ટિને કેટલાક મૂળભૂત નિયમોને દ્વારા એ સંચાલિત થાય છે, ચાલે છે એવું સ્વીકારે છે. આ જે જેણે વિજ્ઞાનને લો ઓફ નેચર કહે છે.કુદરતના નિયમો ને આ કુદરતના નિયમો એ હંમેશા સનાતન સત્ય છે અનાદિ અને અનંત છે એ નિયમો કોઈએ બનાવેલા નથી પણ અનાદિકાળથી ચાલ્યા આવે છે અને અનંતકાળ સુધી એ એમ જ ચાલવાના છે અને એ નિયમોને અનુસારે આજે સમગ્ર બ્રહ્માંડ સજીવ સૃષ્ટિ છે એ બધાના જન્મ મરણ વિગેરે એ પ્રમાણે થતા રહે છે. એટલે જૈન ધર્મમાં જૈન ધર્મ જેવા બીજા અનેક ધર્મ છે પ્રાચીન. પણ જૈન ધર્મ જેવા બહુ ઓછા છે કે જેનો વિજ્ઞાનની સાથે સંપૂર્ણપણે મેળ મળતો હોય હિન્દુ પરંપરામાં પણ કર્મનો સિદ્ધાંત છે ખરો જૈન ધર્મની અંદર કર્મનો જે સિદ્ધાંત છે એ એટલો સૂક્ષ્મ ત્યાં બતાવવામાં આવ્યો નથી.




હવે મહત્વની વાત છે ઉપાધ્યાય ભુવનચંદ્રજી મહારાજ લખે છે કે જૈન દર્શન પાસે આગમ અને આગમેતર સાહિત્યનો ઘણો વારસો છે. તેઓ કહે છે કે આગમ અને આગમ સિવાયના બાહ્ય જે ગ્રંથો છે એને અંદર ઘણા બધા ઘણી બધી હકીકતો આ બધા વૈજ્ઞાનિક સિદ્ધાંતો એમાં છૂટાછવાયા આપણને જોવા મળે છે. જેનો આજના આધુનિક વિજ્ઞાન સાથે આશ્ચર્યજનક મેળ મળે છે દા.ત.એમાં કેટલીક વસ્તુઓ બતાવી છે કે પરમાણુનું સ્વરૂપ યાદ રાખો પરમાણુ ની વ્યાખ્યા જૈન દર્શને જે બતાવી છે એ જ વ્યાખ્યા વિજ્ઞાન બતાવે છે પણ છતાંય વિજ્ઞાનની વ્યાખ્યા પ્રમાણે પરમાણુ જૈન દર્શનના પરમાણુ કરતાં ઘણું સ્થૂળ છે. એ પરમાણુના ઇલેક્ટ્રોન પ્રોટોન અને એના બીજા લગભગ 60 જેટલા પાર્ટીકલ્સમાં વિભાજન થઈ શકે છે. જૈન દર્શન પ્રમાણે જે પરમાણુ છે એ પરમાણુ ત્રણેય કાળની અંદર સંપૂર્ણ રીતે અવિભાજ્ય છે. એટલે આધુનિક વિજ્ઞાન જેને પરમાણુ કહે છે એ વ્યાખ્યા ભલે જૈનદર્શનની સમાન હોય છતાં પણ વસ્તુ સમાન રહેતી નથી. તો આ રીતે પરમાણુનું જે સ્વરૂપ છે એની વ્યાખ્યા એમ કહી શકાય કે પરમાણુ ની વ્યાખ્યા વિજ્ઞાને જૈન દર્શન પાસેથી ઉછીની લીધી છે એવું કહી શકાય.

પછી વાયુના સંયોજન સાથે જન્ય ઉત્પત્તિ આ પણ જૈન દર્શન ની અંદર ઉતરવાનું છે બે .વાયુ ભેગા થાય અને જળ ઉત્પન્ન થાય છે.એ વૈજ્ઞાનિક અત્યારે સાબિત કર્યું છે ઓક્સિજન


અને હાઈડ્રોજન બે ભેગા થાય એટલે પાણી સ્વરૂપ બને છે અથવા તો પાણીને તમે ઇલેક્ટ્રોનિક પ્રોસેસ દ્વારા એનું વિઘટન કરો તો હાઈડ્રોજન અને ઓક્સિજન એ બે રૂપે એનું વિઘટન થઈ શકે છે. વનસ્પતિમાં જીવ, પાઈ નું મૂલ્ય આઈ એ મેથેમેટિક્સ એટલે કે ગણિતનો શબ્દ છે અને જૈન દર્શન ની અંદર આગમો ની અંદર ગણિતનુંયોગ નામનો એક અદભુત વિભાગ પણ આવે છે. ગણિતનુંયોગને લગતા સૂર્યપ્રજ્ઞપતિ અને ચંદ્રપ્રજ્ઞપતિ. જમ્બુ દ્વીપ પ્રજ્ઞપતી વગેરે ગ્રંથો ગણીતાનું યોગ ને લગતા આગમો છે. તો આ રીતે પાઈને નું મૂલ્ય. અસંખ્ય સૂર્ય અને ચંદ્ર એક આખો એસ્ટ્રોનોમી નો સબ્જેક્ટ થઈ જાય છે. ખગોળ વિજ્ઞાન નો સબ્જેક્ટ થઈ જાય છે અને અસંખ્ય તારા આવા વગેરે કેટલાય સત્યો છે તથ્યો છે એ આપણા જૈનાચાર્યો હજારો વર્ષોથી જાણતા હતા. અને શાસ્ત્રોમાં એવા કેટલાય ઉદાહરણો આપવામાં આવ્યા છે કે જે થોડા ફેરફાર સાથે આધુનિક વિજ્ઞાન સાથે મળતા આવે છે. આ રીતે જૈન દર્શનમાં આધુનિક યુગમાં ઘણી વસ્તુઓ વિજ્ઞાન સાથે મેળ પડે એવી છે.



પ્રોફેસર નરેન્દ્ર ભંડારી ઈસરો અને પ્રિયલના  એક અગ્રગણ્ય વૈજ્ઞાનિક છે અને ભારતનું જે મૂન મિશન પહેલું એ મુનયાન મિશન નું ડિઝાઇન પ્રોફેસર ભંડારી એ કરી હતી. તો આ રીતે આ ભંડારી સાહેબ અમારી સાથે ૧૯૯૭થી કનેક્ટેડ છે. ખરેખર ભંડારી સાહેબે મારું સૌથી પહેલું પુસ્તક અંગ્રેજીમાં પ્રકાશિત થયું સાયન્ટિફિક સિક્રેટ ઓફ જેનિસમ એ વખતે કોમ્પ્યુટર ની શરૂઆત હતી. ત્યારે લેપટોપ માત્ર એક જીબી ના આવતા હતા. તો એ વખતે ભંડારી સાહેબે એમના કોમ્પ્યુટરમાં એમના aasistant દ્વારા મારા પુસ્તકના 15 ચેપ્ટર કમ્પોઝ કરી આપ્યા. એક બે જગ્યાએ હતી એ ભૂલ હતી એ પણ એમણે સુધારી આપી. આમ ભંડારી સાહેબ આ દેશના એક અગ્રગણ્ય ભૌતિક વિજ્ઞાનની છે. અમદાવાદની અંદર એમણે એસ એસ આર આઈ સ્પીરીચ્યુઅલ એન્ડ સાયન્ટિફિક રિસર્ચ સેન્ટર અને જૈન એકેડમી ઓફ સ્કોલર એ એમણે શરૂ કર્યું છે. એમનો અભિપ્રાય અહીં આપ્યો છે. ધર્મ, દર્શન અને વિજ્ઞાન. ધર્મ એ સામાન્ય રીચુઅલ અર્થમાં છે દર્શન એ ફિલોસોફી એટલે કે તર્કના સંદર્ભમાં છે અને વિજ્ઞાન એ પ્રેક્ટીકલ અર્થમાં છે. ધર્મ અને દર્શનને વિજ્ઞાન સાથે સંબંધ છે એવું બધા જ માને છે. ક્યારેક બંનેના ક્ષેત્ર તદ્દન ભિન્ન છે. અહીં બંનેના ક્ષેત્ર ક્યારેક અલગ હોય છે તો આ ક્ષેત્રમાં ક્યારેક સામ્ય ધરાવે છે ધર્મવિજ્ઞાન બીજાને આધાર સાબિતી પૂરી પાડે છે, આગળનું સંશોધન થાય છે. અહીં એક વાતની સ્પષ્ટતા કરી દેવાની કે સામાન્ય રીતે આપણે બધા એવું કહીએ છીએ કે અમેરિકા અમેરિકામાં પણ સંશોધન અને રિસર્ચ થાય તો સામાન્ય રીતે આપણે જઈને બધા એમ કહીએ કે આ આ લોકો આપણે ત્યાંથી આગમો ચોરી ગયા અને આ બધું સંશોધન કરે છે. પણ આ વાત સાચી નથી એક જાતની આપણા જૈનોની આત્મશ્લાઘા જેવું છે. જે સાયન્ટિસ્ટો રિસર્ચ કરે છે એમણે આપણા આગમો વાંચ્યા હોતા નથી અને જે લોકોએ સંસ્કૃત પ્રાકૃત નો અભ્યાસ કર્યો છે એ અમેરિકન હોય કે જે હોય તે. તે  લોકો વિજ્ઞાની  નથી હોતા પણ એ લોકોએ એનો અભ્યાસ કરીને એનું જે તત્વ છે એ તત્વ જાહેર કર્યું હોય છે અને એ તત્વ પરથી સાયન્ટિસ્ટો આગળનું રિસર્ચ કરવામાં પ્રેરણા લે છે એ જ વાત ભંડારી સાહેબે આમાં બતાવી છે કે ક્યારેક દાર્શનિક વિભાવનાના આધારે આગળના સંશોધન કાર્ય થાય છે.


હવે ધર્મ માં કેટલીક વાતો માની લેવામાં આવે છે. તેમાં વૈજ્ઞાનિક અનુભવો અને  સિદ્ધાંતો નો આધાર લેવામાં આવે છે. તો દાર્શનિક સિદ્ધાંતોના વિકાસ કરવામાં અને શંકા દૂર કરવાની અંદર વિજ્ઞાન સહાયક બને છે. એટલે આમ દર્શન અને વિજ્ઞાન બંને એક બીજાના પૂરક બને

છે. દાર્શનિક સિદ્ધાંતોના આધારે આગળ નું નવું રિસર્ચ થાય છે અને એ દાર્શનિક સિદ્ધાંતોની સાબિતી માટે વિજ્ઞાન એ સાબિતી પૂરી પાડે છે એટલે બંને એકબીજા માટે ઉપયોગી છે.




દર્શન અને વિજ્ઞાન ક્યારે સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા નથી. એ તો એકબીજા વગર સંપૂર્ણ પણ બનતા નથી અને સાચી વાત તો એ છે કે ધર્મ અને એટલે દર્શન અને વિજ્ઞાન એ બંનેમાં એકબીજાને કોઈને વેર વિરોધ નથી. કદાચ આપણને લાગતો હોય છે પણ એ વિરોધ ઉપર છલ્લો હોય છે. સૌથી મહત્વની વાત દર્શન અને ધર્મ એ બંને નો વિકાસ ભિન્ન ભિન્ન રીતે થયેલો છે અને એ માટે એમણે ભિન્ન ભિન્ન માર્ગ અપનાવેલા છે. તો આ રીતે દર્શન અને વિજ્ઞાન ના માર્ગ અલગ છે પણ આગળ જતા જ્યારે કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યારે દર્શન અને વિજ્ઞાન બંને એક થઈ જાય છે. ધાર્મિક સિદ્ધાંતો ના વિકાસ માટે 2500 થી 2000 વર્ષ પૂર્વેનો ભગવાન મહાવીર, બુદ્ધ અને ઈસુ ખ્રિસ્તનો જે સમયગાળો હતો એ સુવર્ણ કાળ હતો. વિજ્ઞાનનો સંપૂર્ણ વિકાસ ૧૯-૨૦ મી સદીમાં જ થયો છે એટલે એ બંનેમાં સમયનું બહુ મોટું અંતર છે. આ વસ્તુનો દરેકે ખ્યાલ રાખવો જોઈએ આગમોમાં જે સિદ્ધાંતો બતાવેલા છે એ

૨૫૦૦ વર્ષ પહેલાંના છે અને એની અંદર વિજ્ઞાન જે સાબિતી આપે છે આ છેલ્લી શતાબ્દીની અંદર આપી છે એટલે આ રીતે બની ગયું છે.બંનેમાં બહુ મોટું અંતર બની ગયું છે.





વિજ્ઞાન અને દર્શન એ બંને વચ્ચેનો સમન્વય કરવાનો છે. ખરેખર આ કાર્ય બહુ અદભુત છે પણ એમાં મુશ્કેલી અને અંતરાય પણ એટલા બધા જ છે અને સૌથી પ્રથમ મુશ્કેલી તો ભાષાની છે. આધુનિક વિજ્ઞાનનું બધું સાહિત્ય મોટાભાગે અંગ્રેજીમાં મળે છે અને વિજ્ઞાનની પરિભાષાના શબ્દો પણ અંગ્રેજીમાં હોય છે અને એ બધા શબ્દો મોટેભાગે લેટિન ભાષામાંથી આવેલા હોય છે. જ્યારે આપણા જૈન દર્શનમાં અથવા તો ફિલોસોફી ના જે સિદ્ધાંતો છે એ પછી વૈદિક ફિલોસોફી હોય કે જૈન ધર્મ હોય કે બૌદ્ધ ધર્મનું હોય એ બધા ભાષા પ્રાકૃત અર્ધમાગધી, વૈદિક દર્શન હોય તો સંસ્કૃત ભાષા અને બૌદ્ધ દર્શન હોય તો પાલી ભાષા. આજની અંગ્રેજી ભાષા અને પ્રાચીન કાળની પ્રાકૃત અર્ધ માગધી, સંસ્કૃત અને પાલી આ ત્રણેય ભાષાના શબ્દો જે છે એ શબ્દો એકબીજામાં વ્યાખ્યા  કરી શકાય. સંસ્કૃતનું પ્રાકૃતમાં અર્ધમાગધીમાં અર્ધમાગધી નું સંસ્કૃત માં, અર્ધ માગધીનું પાલીમાં. પણ આધુનિક વિજ્ઞાન ની ભાષાનું એ શબ્દોને તત્સમ  એના અર્થ જેવા એની વિભાવના વાળા શબ્દો મેળવવા બહુ

અઘરા પડે છે. એટલે આ મોટામાં મોટી મુશ્કેલી ભાષાની છે. વિજ્ઞાન અને દર્શનની બંનેની ભાષા ભિન્ન ભિન્ન છે એના ટેકનીકલ પારિભાષિક શબ્દો પણ અલગ અલગ છે અને અત્યારે બહુ જ થોડીક વ્યક્તિઓ એવી હશે કે જે વિજ્ઞાનની પરિભાષા ને પણ સારી રીતે સમજતા હોય ટેકનિકલ શબ્દ સાયન્ટીફીક ટેકનીકલ ટર્મ અને દાર્શનિક ટેકનીકલ ટર્મ્સ ફિલોસોફીના ટેકનિકલ ટર્મ્સ. દાખલા તરીકે આપણે પુદગલ કહીએ તો એને વિજ્ઞાનમાં મેટલ કે કહેવાય એવી રીતે પુદગલના વર્ણ,ગંધ, રસ, સ્પર્શ તો એને વિજ્ઞાન  એક અલગ ટચ ટેસ્ટ અને સ્મેલ તે રીતે કહી શકાય. આ રીતે બંનેમાં એક સરખા શબ્દોને એકબીજામાં કન્વર્ટ કરવા માટે શક્તિ અને જાણકાર બહુ જ થોડાક લોકો હશે અને એ કારણે કેટલીક વાર શબ્દોનું સામ્ય આવી જાય તોય શબ્દોના સામ્યના કારણે ગેરસમજ પેદા કરે છે. દાખલા તરીકે પરમાણુ ની વ્યાખ્યા કહી એ મુજબ જ જૈન દર્શન નો પરમાણુ અવિભાજ્ય છે.જ્યારે આધુનિક વિજ્ઞાન નો પરમાણુ વિભાજન શક્ય છે.


સૌથી મહત્વની વાત બ્લેક હોલ બ્લેક હોલ ની વાત આવે એટલે આપણા જૈન દર્શનના નિષ્ણાંત મોટેભાગે કૃષ્ણરાજીની વાત કરે. પણ યાદ રાખો કૃષ્ણ રાજી એ બંનેમાં કૃષ્ણ એટલે બ્લેક એ શબ્દોનું સામ્ય છે બાકી બ્લેક હોલ અને કૃષ્ણ રાજી એ બેને કોઈ જાતનો સંબંધ નથી. એ જ રીતે આઈન્સ્ટાઈન ની વાત આવે ત્યારે એમનો સાપેક્ષવાદ પણ યાદ રાખો આઈન્સ્ટાઈન નો સાપેક્ષવાદ એ ભૌતિક સાયન્સનો વિષય છે પદાર્થને સંબંધિત છે જ્યારે જૈન દર્શનના સાપેક્ષવાદ એ ભૌતિક સાપેક્ષતા વાદની સામે એનું નિરૂપણ તો કરે જ છે પણ પણ સાથે સાથે આપણી વૈચારિક સાપેક્ષતા કે વિચારની સાપેક્ષતા નું પણ એ કરે છે. એટલે સાપેક્ષતા વાદ એટલે કે સ્યાદવાદ એટલે કે અનેકાંતવાદ મલ્ટીપલ એક્સપેક્ટ એટલે મલ્ટીપલ પોઈન્ટ ઓફ વ્યૂસ એટલે દરેક નો પોઇન્ટ ઓફ વ્યૂ અલગ અલગ હોઈ શકે અને બધા જ પોઇન્ટ ઓફ વ્યૂ પરસ્પર એકબીજાથી વિરુદ્ધ પણ હોઈ શકે છે પણ છતાંય એ બંને એકસાથે અસ્તિત્વ ધરાવતા હોય છે એટલે સાપેક્ષતા વાદને આપણે જૈન દર્શનના અનેકાન્ત વાત કેસ્યાદવાદ ને આઈન્સ્ટાઈનના સાપેક્ષ વાદ સાથે સાંકળવો યોગ્ય નથી એટલે આ રીતે શબ્દના સામ્યના કારણે આપણે ઘણી બધી ગેરસમજ પેદા કરીએ છીએ અને પેદા થાય છે. અને સૌથી મહત્વની વાત બંનેના માર્ગ ભિન્ન છે વિજ્ઞાન માત્ર પુદ્ગલ સંબંધી જ વાત કરે છે પોદગલિક સિદ્ધિ જ બતાવી શકે છે જ્યારે દર્શન ની અંદર જ્યારે દર્શનની અંદર ધર્મની અંદર આધ્યાત્મ આત્માની

ઉન્નતિ આધ્યાત્મનો આત્મજ્ઞાન ની વાત હોય છે. તો આ બંનેના માર્ગ પણ ભિન્ન ભિન્ન હોય છે.





વિજ્ઞાન પ્રાયોગિક પુરાવાઓ માંગે છે, નકકર સાબિતી માંગે છે. જ્યારે દર્શન અંદર દાર્શનિક ગ્રંથોના આધાર આપે છે અથવા તો જે તે દર્શનના આદ્ય પ્રણેતા છે તે પ્રણેતાની ઓથોરિટી આપે છે એના નિષ્ણાંત ની. તો આ તો અતિન્દ્રિય જ્ઞાનની દુહાઈ આપે છે કે આ બધું જ્ઞાન તો છે આત્મ પ્રત્યક્ષ જ્ઞાનમાં આ બધું જોયેલું છે અને એમણે આ કહેલું છે માટે આપણે એમનો સ્વીકાર કરવો જોઈએ. આ પ્રમાણે અતિન્દ્રિય જ્ઞાની ની દુહાઈ આપે છે. બંને પરંપરા સમાન પદ્ધતિના અપનાવે તો બંનેની સરખામણી કરવી મુશ્કેલ બને છે અને સ્વાભાવિક છે કે બંનેની સરખામણી કરવી આમ પણ યોગ્ય નથી. દાર્શનિક સિદ્ધાંતો અને વિજ્ઞાનના સિદ્ધાંતો એ બંનેની સરખામણી કરવી યોગ્ય નથી કારણ કે બંને વસ્તુઓ ભિન્ન ભિન્ન વસ્તુઓ છે છતાં પણ કેટલાક દાર્શનિક સિદ્ધાંતો ભૌતિક  શાસ્ત્રીય સંબંધી હોવાથી ભૌતિક શાસ્ત્ર સાથે એની સમાનતા પણ છે. સૌથી મહત્વની વાત જ્યારે દર્શન અને વિજ્ઞાન એક બાજુ ફીલોસોફી હોય એક બાજુ સાઇન્ટીસ્ટ હોય બંને એકબીજા બીજાના ક્ષેત્રની દલીલ કરતા હોય ત્યારે બંને એમ જ માનતા

હોય કે હું જે કહું છું એ જ સાચું હોય છે. ફિલોસોફર એમ માને કે ફિલોસોફી માં જે કંઈ પણ છે એ જ સાચું છે અને સાયન્ટિસ્ટ એમ માને કે આ સાઈનટીસ ઇન્સ્ટ્રુમેન્ટ દ્વારા જે સાબિત થાય છે એ જ સાચું છે. તો આ રીતે આ બંને જે ચર્ચા કરે એમાં કોઈ ચીજો ખોટી બને વિજ્ઞાન ની જો કોઈ વાત ખોટી જણાય તો વિજ્ઞાનીએ પણ એનો સ્વીકાર કરવો જોઈએ અને ફિલોસોફી ની અંદર કોઈ વાત ખોટી જણાય ફીલોસોફર તરીકે જે હોય એને પણ તટસ્થ બુદ્ધિએ એનો વિચાર કરી અને ખોટું હોય તો એ વાતનો સ્વીકાર કરવો જોઈએ. પણ આવું ભાગ્ય જ બને છે આ બધી મર્યાદાઓ હોવા છતાં આજે વિજ્ઞાન અને દર્શન વચ્ચે સ્વસ્થ ચર્ચાઓ ઉપયોગી બને છે અને બની રહી છે. મેં જ્યારે સાયન્ટિફિક રિસર્ચની વાત કરી ત્યારે કેટલાકે એમ કહ્યું કે કેવળ જ્ઞાની પરમાત્માએ જે કહ્યું છે માટે એને સાબિત કરવાની કોઈ જરૂર નથી એટલે આ તમે આ બધું જે કરી રહ્યા છો એ યોગ્ય નથી. તો એવું કહેનારા પણ હતા એટલે આ બધી મર્યાદાઓ હોવા છતાં અત્યારે આજે એક આ વાત ચાલીસ વર્ષ પહેલાંની છે. ધીરે ધીરે બધાને એમ લાગ્યું કે નવી જનરેશન માટે દાર્શનિક સિદ્ધાંતને વૈજ્ઞાનિક પુરાવાથી સાબિત કરવાની જરૂરત છે એટલે ધીરે ધીરે આ વાતને એ લોકો આગળ લાવવા લાગ્યા એના દ્વારા કુદરતના જે રહસ્યો છે એનું પણ ઉદ્ઘાટન થઈ શકે છે. એટલે લો ઓફ નેચર એને આપણે સિદ્ધ કરી શકીએ એમ છે દાર્શનિક સિદ્ધાંતો દ્વારા.




અહીં પ્રોફેસર કાંતિ મગધીયાએ પુસ્તક લખ્યું છે સાયન્ટિફિક ફાઉન્ડેશન ઓફ જૈનિઝમ. તે મારી પુસ્તકની પ્રસ્તાવના માં લખે છે જૈન દર્શન ને આધુનિક વિજ્ઞાન સાથે ઘણું મળે છે.જૈન દર્શન ખરેખર પરમાત્માએ બતાવેલું છે એટલે એ ક્વોલિટીવ છે જ્યારે વિજ્ઞાન છે કોન્ટીટી બતાવે છે. તો અહીં આપણે ત્યાં ક્વોલીટી નું મહત્વ છે જ્યારે પેલામાં કોન્ટેટીનું મહત્વ છે. એટલે બંનેમાં મૂળભૂત ખ્યાલ નો આધાર છે ને તાર્કિક દલીલો જ છે એટલે આઈન્સ્ટાઈને પણ કહ્યું કે જો દર્શન નથી તો વિજ્ઞાન પંગુ છે તે આગળ વધી શકે નહીં જો ધર્મ છે પણ એની સાથે સાયન્સ નથી વિજ્ઞાન નથી તો એ બ્લાઇન્ડ  છે અંધ છે તો આ રીતે સાયન્સ અને રીલીજીયન દર્શન અને ધર્મ એ બંને એક જ સિક્કાની બે બાજુ છે. તો આ રીતે આઈન્સ્ટાઈન પોતે પણ દર્શન અને વિજ્ઞાન ધર્મ અને વિજ્ઞાન બંનેને એકબીજાના પૂરક માનતા હતા.





અહી જે ફોટો આપવામાં આવ્યો છે એ ભારતના મોટામાં મોટા ખગોળશાસ્ત્રી ભૌતિક શાસ્ત્રી નો ફોટો છે. જેમને પુનામાં ઇન્ટર યુનિવર્સિટી ઓફ એસ્ટ્રોનોમી નોમની ઓફ ફિઝિક્સ એ સંસ્થાના પોતે ડાયરેક્ટર હતા. મારા પુસ્તકની જ્યારે એમણે કોમેન્ટ લખી ત્યારે એ તેના ડાયરેક્ટર હતા અને હોમી ભાભા પ્રોફેસર હતા ડો. જયંત વિષ્ણુ નારલેકર. આવડા મોટા સાઇન્ટીસ્ટ તો

કોઈના પુસ્તકની પ્રસ્તાવના લખે નહીં કારણ કે જ્યારે એ પ્રસ્તાવના લખે ત્યારે એમનો જે શબ્દ છે ને એ મોટામાં મોટો એક આધાર બની જાય છે, સાબિતી બની જાય છે એટલે મોટાભાગે એ કોઈના પુસ્તકની પ્રસ્તાવના લખે નહીં. મારી કોમેન્ટ્સ માટે એમણે કહ્યું કે આ સાથેના પત્રમાં હું કમેન્ટ્સ આપું છું. કેટલાક કુટુંબ પરંપરામાં  હેરિડિટી ઓફ સાયન્સ હોય છે. એમના પિતા વિષ્ણુ વાસુદેવ નારલેકર એ પણ બનારસ હિંદુ યુનિવર્સિટીના વાઈફ ચાન્સેલર હતા અને મોટા ગણિતશાસ્ત્રી હતા. અને વિ.વિ.નારલેકર ના ગાઈડન્સ હેઠળ આપણા ગુજરાતના મોટા ગણિતશાસ્ત્રી ડોક્ટર પી.સી. વૈધ ચુસ્ત ગાંધીવાદી. એમણે વીવી નાર્લીકર ના માર્ગદર્શન હેઠળ આઈન્સ્ટાઈનની રિલેટિવિટી ઉપર સંશોધન કર્યું હતું. ઈ.સ 1942 ક્વીટ ઇન્ડિયા ઇન્ડિયા ની ચળવળ વખતે ડો.જયંત નારલીકર  એમની ઉંમર માત્ર ચાર વર્ષની હતી. તો આ રીતે નાર્લિકર વિજ્ઞાન કથા પણ લખી છે,વાર્તા વિજ્ઞાન ના સિદ્ધાંત પર આધારિત.



એ આપણે બધા એમ માનીએ છીએ કે પશ્ચિમ ની અંદર જે બધું કંઈ રીસર્ચ થાય છે એ બધું તો આપણે ત્યાં પહેલા લખાઈ જ ગયું છે પણ આપણે બધા એ જે શાસ્ત્ર છે એ શાસ્ત્ર ને આધારે આધુનિક પદ્ધતિ એ જે રિસર્ચ થવું જોઈએ એ કરતા નથી અને પશ્ચિમના લોકો રિસર્ચ કરે ત્યારે આપણે એમ કહીએ અમારે ત્યાંથી જ છે. પણ મેં જે પુસ્તક લખ્યું ની અંદર આ રીતનો કોન્સેપ્ટ મેં આપ્યો નથી આ પુસ્તકની અંદર એવી દલીલ કરવામાં આવી નથી કે પશ્ચિમમાં જે સંશોધન થાય છે એ આપણે ત્યાં હતું જ એવી દલીલ નથી કરી પણ એના બદલે એવી દલીલ કરી છે  એના માટે  નાર્લીકરે કહ્યું કે લેખકે એવું સાબિત કરવા માંગે છે કે જૈન વિચારધારા છે એ મોર મેચ્યોર છે નારલીકરે માત્ર ત્રણ ત્રણ શબ્દોમાં મારા પુસ્તકની કોલેટી અંગે કહી દીધું છે જૈન વિચારધારા વધારે પરિપક્વ છે. સંક્ષિપ્ત અને વધારે સંતોષકારક છે. વિજ્ઞાન છે દાવો કરે છે એના કરતાં જૈન દર્શન ક્યાંય આગળ છે આ બાબતમાં. આવો નાર્લિકર અભિપ્રાય આપે છે. જૈન દર્શન અને મોર્ડન વિજ્ઞાનનું કમ્પેરીઝન કરવામાં આવે છે,સરખામણી અને ચર્ચા કરવામાં આવી છે એ બહુ જ રસદાયક છે અને વાચક છે એ અહીં જે વસ્તુ બતાવવામાં આવી છે એમાં એમને સંપૂર્ણ રસ પડે એવું છે તો આ રીતે નાર્લીકરે જૈન ફિલોસોફી માટે આવો અદભુત અભિપ્રાય આપ્યો છે.




એલન ઘોઘ  અમેરિકામાં એટલાન્ટામાં એમોરી યુનીવર્સીટીના રિલીઝન ડિપાર્ટમેન્ટ ના આસિસ્ટન્ટ પ્રોફેસર છે. એમણે એક પુસ્તક પબ્લીશ કર્યું  છે મેકિંગ અ મંત્ર. જે શિકાગો યુનીવર્સીટી માંથી પબ્લીશ થયું છે. એમણે મારા પુસ્તકના કમેન્ટમાં એ કોરોના અંગે વાત લખે છે આ મુહપતિની પરંપરા માસ્ક ની પરંપરા એ નવી નથી. જૈન દર્શન ની અંદર તો એક હજાર વર્ષ કરતા પણ પહેલા ઘણા વર્ષોથી આ મુહ્પતી છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં કુંટ નામની પબ્લીશર સંસ્થા છે એમાં 2016 માં એક આર્ટિકલ પ્રસિદ્ધ થયો છે. એની અંદર સેન્ટીગ્રેશન એમાં લખ્યું જૈનીઝમ અને સાયન્સ એ બે વચ્ચે જે સરખામણી અને સંશોધન કરવાની જૈન સ્કોલર  છેલ્લા કેટલાક દાયકાથી છેલ્લા 50 એક વર્ષથી જૈનિધમ અને સાયન્સ ઉપર રિસર્ચ જુદા જુદા સ્કોલરો કરી રહ્યા છે.એમણે મારા માટે પણ લખ્યું કે હું 40 વર્ષથી આ જૈન દર્શન અને વિજ્ઞાન અંગેનું સંશોધન કરી રહ્યો છું. છેલ્લે લખે છે સત્ય અનેક પ્રકારનું હોઈ શકે છે એના પોઈન્ટ ઓફ વ્યૂ અને અનેક પ્રકારના હોઈ શકે છે એટલે અનેકાંતવાદનું એ સમર્થન કરે છે. તો આ રીતે જૈન દર્શન એ સંપૂર્ણ વૈજ્ઞાનિક દર્શન છે. તેઓ વિશ્વના

મોટાભાગના જૈન દર્શનના જે સ્કોલરો છે એ બધા જ સ્કોલરો આ સમાનતાને માને છે ને સ્વીકારે છે. આ રીતે આપણે જૈન દર્શન નો આગળ અભ્યાસ કરીશું

****************************************************************

JAIN SAHITYA ACADEMY TRUST